જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૬૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૬૮	૩	૧૧૨૭૧	૧૭૩૯૦	૩	૧૭૩૯૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૬૭૧	૧	૨૮૬૭૨	૩૦૨૮૫	૧	૩૦૨૮૬
કુલ		૪૫૦૧૧	૪	૪૫૦૧૫	૫૪૧૭૭	૪	૫૪૧૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૭,૨૮,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૪	૧,૩૪,૦૦૦

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૫ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૭૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૦ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૩૭૨/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : ડો.હિતેન્દ્રભાઇ પ્રવિણભાઈ દેસાઈ (ઉ.વ.૨૭)(રહે.શુકન રેસીડેન્સી, વંદે માતરમ ચાર રસ્તા પાસે, ગોતા) એ તા.૨૫/૦૨/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે તથા મુંબઈ લોકમાન્ય તીલક મેડીકલ કોલેજ સાયન્સ ખાતે આરોપી (૧) જય ગોવાણી (૨) રાકેશ વર્મા (રહે.છઠ્ઠો માળ, નાયર મેડીકલ કોલેજ ખાતે, “બી” બ્લોક, આનંદ ભવન ટોપીવાલા મેડીકલ કોલેજ મુંબઈ) અને (૩) સલીમ પટેલ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગામળી એમ.એસ.સર્જરીમાં એડમીશન અપાવવાનુ કહી વિશ્વાસ કેળવી, પહેલા આપેલ રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા બે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ રૂપિયા ૨૯,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૧,૫૦,૦૦૦/- મેળવી લઇ, એડમીશન નહી કરાવી આપી, તેમજ રૂપિયા પરત નહી કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

લુંટ :- **સમાચાર યાદી નં.૩૭૩/૨૦૨૧**

કાગડાપીઠ : નરેનભાઇ રતિલાલ શાહ (ઉ.વ.૭૨)(રહે,આણંદજી કલ્યાણજી જૈન બ્લોક, બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૧ ના કલાક ૩/૦૦ વાગે ત્રણ અજાણ્યા છોકરાઓએ ભેગામળી નરેનભાઇ ના ઘરનો દરવાજો ખોલવાનુ કહેતા, નરેનભાઇએ ઘરનો દરવાજો ખોલતા તેમની આંખ માં મરચુ નાંખી, સેલોટેપથી નરેનભાઇનું મોઢુ બાંધી, રસોડાના ટેબલ સાથે સેલોટેપથી હાથ બાંધી, શરીરે માર મારી ઘરમાંથી ટી.વી. કિંમત રૂપિયા ૧૪,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૭,૪૦૦/-, ચાંદીની ચાર વીંટીઓ કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૬,૪૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.કે.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૭૪/૨૦૨૧**

વેજલપુર : હિનાબાનુ ડો/ઓ જહાંગીરભાઇ કુરેશી (ઉ.વ.૨૬)(રહે.અઝર ડૂપ્લેક્ષ ઇન્ડીયન પાર્કની પાસે, વિનસ પાર્કલેન્ડ ની પાછળ, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ઉપરના માળે પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટ : આયશાબાનું ડો/ઓ લિયાકતઅલી મકરાણી (ઉ.વ.૨૩)(રહે.અલમીના પાર્ક, વટવા નારોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૧ સાંજ ના ૬/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ભારકરા ચલાવે છે.

શાહીબાગ : પુજાબહેન સુરેશભાઇ ઠક્કર (ઉ.વ.૨૬)(રહે.નરોતમનગર એપાર્ટેમેંટ યુ.એન.મહેતા હોસ્પિટલની સામે, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૧ બપોરના ૧/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ દવા ખાઇ લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી